Posted at Mumbai PC Stg. Office

Date of Posting 15 & 16 Every Month
Date of Publishing 15th of Every Month

|| શ્રી ગણેશાય નમઃ ||　MUMBAI PATIDAR PRAGATI GUJRATI (MONTHLY)　|| શ્રી ઉમિયાય નમઃ ||

# મુંબઈ પાટીદાર પ્રગતિ

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) નું મુખપત્ર

* સ્થાપના : ૧૯/૧૦/૧૯૯૯ * સંચાલન : શ્રી કચ્છી કડવા પાટીદાર યુવા મંડળ (મુંબઈ) * મુખપત્ર સમિતિ * તંત્રી : શ્રી છગનભાઈ નાનજી રામજીયાણી *

September 2025 Shree Kutchhi Kadva Patidar Gnyati Trust Fund (Mumbai), Patidar Wadi, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086.

વર્ષ : ૨૬ ● અંક ૨૮૮ ❑ RNI No. : MAHGUJ / 2010 / 32199 ❑ Posting No. MNE / 258 / 2022-24 ● તા. ૧૫/૦૫/૨૦૨૬ ● પાના - ૪

## તંત્રી સ્થાનેથી...

### વ્યવસાયિક પ્રગતિનું સબળ માધ્યમ- 'મુંબઈ પાટીદાર પ્રગતિ'

આજના સમયમાં કોઈપણ વ્યવસાય કે સેવાની સફળતાનો આધાર તેના યોગ્ય પ્રચાર-પ્રસાર પર રહેલો છે. જ્યારે આપણે 'મુંબઈ પાટીદાર પ્રગતિ'ના માધ્યમથી આપણી વાત જ્ઞાતિ સુધી પહોંચાડીએ છીએ, ત્યારે તે માત્ર એક જાહેરાત નથી રહેતી, પરંતુ વિશ્વાસનું એક જોડાણ બની જાય છે.

શા માટે જરૂરી છે માસિક પત્રમાં જાહેરાત આપવી આવો સમજીએ.

આપણું મેગેઝિન મુંબઈ અને આસપાસના ૪૫૦૦ પરિવારો સુધી સીધું વિનામૂલ્ય પહોંચે છે. પરિણામે, તેમાં આવી જાહેરાત સીધી એવા આપણી જ્ઞાતિના દરેક સભ્ય સુધી પહોંચે છે જેઓ આપના ઉત્પાદનો કે સેવાઓમાં રસ ધરાવી શકે છે.

મુંબઈ પાટીદાર પ્રગતિ આપણી જ્ઞાતિના મુખપત્રમાં આપની જાહેરાત જોઈને વાચકોનો આપની બ્રાન્ડ પ્રત્યેનો ભરોસો વધે છે. જ્ઞાતિના સભ્યો હંમેશા પોતાના જ્ઞાતિબંધુઓના વ્યવસાયને પ્રાથમિકતા આપતા હોય છે.

આપણા રોજીંદા જીવનમાં બનતા સારા માઠા પ્રસંગ જેવા કે જન્મ, સગાઈ કે મરણમાં શુભેચ્છા કે શ્રદ્ધાંજલિ સ્વરૂપે સહાયરૂપ બની શકે છે.

તેમજ અન્ય મોટા મીડિયા માધ્યમોની સરખામણીએ જ્ઞાતિના મેગેઝિનમાં જાહેરાતનો ખર્ચ ઓછો

અનુસંધાન પાના નં. ૨ પર...

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતી ટ્રસ્ટ ફંડ મુંબઈ

### રાહત દરે નોટબુક વિતરણ

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈ દ્વારા પ્રતિવર્ષાનુસાર આ વર્ષે પણ વિદ્યાર્થીઓના લાભાર્થે રાહતના દરે નોટબુક વિતરણનું આયોજન કરવામાં આવેલ છે. નોટબુકના રજીસ્ટ્રેશન માટે શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈની વેબસાઈટ અથવા ANDROID અને IOS એપ્લિકેશન પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું ફરજિયાત છે. તો સર્વે વિદ્યાર્થીઓને નિવેદન છે કે તા. ૧૫/૦૪/૨૦૨૬ થી ૦૫/૦૫/૨૦૨૬ સુધી પોતાની જરૂરિયાત પ્રમાણે નોટબુકનું રજીસ્ટ્રેશન કરાવી લેશો.

**ખાસનોંધ :-**

૧) વિદ્યાર્થીઓ ધોરણ પ્રમાણે નક્કી કરેલી કિમતની અંદર પોતાને જોતી મનગમતી રેગ્યુલર નોટબુકો લઈ શકશે.

૨) રજીસ્ટ્રેશનમાં જો કોઈ તકલીફ આવે તો નીચે આપેલ ભાઈઓનો સંપર્ક કરશો.

૩) જે પણ વિદ્યાર્થીએ ૦૫-૦૫-૨૦૨૬ સુધી ઓનલાઈન બુકિંગ નહીં કર્યું હોય તેમને રાહતના દરે નોટબુક આપવામાં આવશે નહીં. તેની ખાસ નોંધ લેશો.

૪) નોટબુક વિતરણની તારીખ ૦૭-૦૬-૨૦૨૬ રહેશે.

૫) નોટબુક વિતરણના સ્થળ : ઘાટકોપર / બોરીવલી / ડોંબીવલી વાડી ખાતે રાખેલ છે.

**નોંધ : એક્સટ્રા નોટબુક વિતરણના દિવસે, જો હશે તો વહેલા તે પહેલા ધોરણે મળશે, જેની આપ સહુ નોંધ લેશો.**

**સંપર્ક સૂત્ર :**

| | | | |
|---|---|---|---|
| વેસ્ટર્ન વિસ્તાર | - | વૃતિક રામાણી | ૭૭૩૮૬૨૭૪૬૦ |
| સેન્ટ્રલ વિસ્તાર | - | કાર્તિક સેંઘાણી | ૯૯૮૭૭૬૫૦૫૧ |
| નોર્થ વિસ્તાર | - | દેવાંગ પોકાર | ૭૦૨૧૧૨૧૨૧૧ |

**ચેરમેન : કાંતીલાલ નારાયણ સેંઘાણી - મેનેજીંગ ટ્રસ્ટી : પ્રકાશ હરજી માવાણી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ - શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવા સંઘ મુંબઈ રિજીયન

### "ટ્રેઝર હન્ટ - ૨૦૨૬"

પાટીદાર સમાજ ના નેજા હેઠળ સૌ પ્રથમ વાર શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ/(MUR) મુંબઈ રીજીયન ટીમના નેજા હેઠળ મહારાષ્ટ્ર વર્ધાપન (કામગાર) દિવસ તા. ૦૧-૦૫-૨૦૨૬ શુક્રવારના રોજ પાટીદાર વાડી ઘાટકોપર મધ્યે "ટ્રેઝર હન્ટ-૨૦૨૬" નામના નવીન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત મું.યુ.મં. ના મહામંત્રી શ્રી ભાવેશભાઈ પોકારે પધારેલ સર્વે સમાજના આગેવાનો, યુવાનો અને બહેનોનું શાબ્દિક સ્વાગત કરેલ હતું અને જ્ઞાતિજનોનો આભાર વ્યક્ત કર્યો કે જેમણે આ અલગ અને અનોખા કાર્યક્રમમાં ૪૦ ગાડીઓમાં ૨૦૦ જેટલા પાર્ટીસીપેન્ટ્સ એ રજીસ્ટ્રેશન કરીને કાર્યકર્તાઓનો ઉત્સાહ વધાર્યો છે.

અનુસંધાન પાના નં. ૪ પર...

## શ્રી પાટીદાર યુવક મંડળ-ડોંબીવલી તથા શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ-ડોંબીવલી

**એક દિવસીય પર્યટનનો અહેવાલ**

શ્રી પાટીદાર યુવક મંડળ-ડોંબીવલી તેમજ શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ-ડોંબીવલીના સંયુક્ત આયોજન હેઠળ તા. ૧૨-૦૪-૨૦૨૬ના રોજ ૧૫૫ બાળકો, સંચાલિકા બહેનો તેમજ યુવક મંડળના કાર્યકર્તા ભાઈઓ સાથે એક દિવસીય પર્યટનનું સુંદર આયોજન બદલાપુર સ્થિત યુમી રિસોર્ટ ખાતે કરવામાં આવેલ હતું.

પર્યટનની શરૂઆત પાટીદાર ભવન સ્થિત શ્રી ઉમિયા માતાજીના મંદિરે સર્વેની ઉપસ્થિતિમાં આરતી તથા સામૂહિક હનુમાન ચાલીસા પાઠથી કરવામાં આવેલ હતી. સમાજના અગ્રણીઓ ડોંબીવલી સમાજના પ્રમુખ શ્રી રમેશભાઈ સેંઘાણી, સલાહકાર શ્રી જીવરાજભાઈ વાસાણી, ટ્રસ્ટી શ્રી નરેન્દ્રભાઈ ધોળુ, ટ્રસ્ટી શ્રી મનસુખભાઈ વાડીયા, યુવક મંડળના પ્રમુખ શ્રી ધીરેનભાઈ સેંઘાણી, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી પ્રીતિબેન ભગત, આઈપીપી શ્રીમતી રેખાબેન ધોળુ તથા મહામંત્રી કુસુમબેન ભગતના હસ્તે નારિયેળ વધેરી યાત્રાની શરૂવાત કરેલ હતી.

બદલાપુર સ્થિત યુમી રિસોર્ટમાં પહોંચ્યા બાદ બાળકો એ સમુહ શ્લોકનું પઠન કર્યું હતું તેમજ વિવિધ રમતો પોતાના મિત્ર વર્ગો સાથે રમ્યા હતા, તો બીજી તરફ મહિલા મંડળ તેમજ સંચાલિકા બહેનોએ સાથે મળી પોતાના બાળપણની રમતો રમી અને ખૂબ જ મોજ કરેલ હતી તેમજ ગરમીના માહોલમાં સ્વિમિંગ પૂલનો આનંદ પણ બાળકો માટે ખાસ આકર્ષણ રહ્યો.

બપોરે સસ્વાદિષ્ટ ભોજન લીધા બાદ બાળકો મુક્ત-મને રમતા રહ્યા. સાંજે ચા-નાસ્તા સાથે ઈવેન્ટ મેનેજમેન્ટ ટીમ દ્વારા વિવિધ રમૂજી ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું જેમાં બાળકોના ટીમવર્ક અને ઉત્સાહને વધારવામાં આવ્યો.

ડિનર અને ડેઝર્ટ રૂપે આઈસ્ક્રીમનો આનંદ માણ્યા બાદ સૌ પરત ફર્યા. બાળકોમાં ઉત્સાહ એટલો હતોકે મિત્રો સાથેનો સમય પૂરો થતો ન હતો છતાં ખુશીના માહોલ સાથે સૌ બસમાં બેઠા અને પાટીદાર ભવન પરત આવેલ હતા.

આ સમગ્ર પર્યટન ખૂબજ સુવ્યવસ્થિત અને સફળ રીતે પૂર્ણ થયું, જેમાં યુવક મંડળ, મહિલા મંડળ અને તમામ સંચાલિકાઓનો ઉત્તમ સહકાર રહ્યો.

આ પર્યટન યાત્રા સૌ માટે આનંદદાયક અને યાદગાર બની રહી.

**લિ. શ્રી પાટીદાર યુવક મંડળ-ડોંબીવલી,**
**શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ-ડોંબીવલી**

તંત્રી સ્થાને થી..... પાના નં. ૧થી ચાલુ...

હોય છે અને તેનો લાભ આપણને સીધો અને સચોટ મળે છે.

જાહેરાત દ્વારા પ્રાપ્ત થતી આવક સંસ્થાની સામાજિક પ્રવૃત્તિઓમાં સહાયરૂપ બને છે. આમ, આપના વ્યવસાયના પ્રચારની સાથે આપ સમાજ સેવાના કાર્યમાં પણ પરોક્ષ રીતે જોડાઓ છો.

અંતે જો આપ આપના વ્યવસાયને નવી ઊંચાઈએ લઈ જવા માંગતા હોવ અને જ્ઞાતિના હરેક ઘર સુધી પહોંચવા માંગતા હોવ, તો 'મુંબઈ પાટીદાર પ્રગતિ' એ શ્રેષ્ઠ મંચ છે. આવો, આપણે સાથે મળીને સ્વવિકાસ અને જ્ઞાતિ વિકાસના પથ પર આગળ વધીએ એજ અભિલાષા સહ.

**છગનભાઈ નાનજીભાઈ રામજીયાણી, તંત્રી**
**યોગેશ મણીલાલ રામાણી, સહતંત્રી**
**કુસુમબેન જયભાઈ રામજીયાણી સહતંત્રી**



## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મં ડળ (મુલુંડ) દ્વારા આયોજિત સુંદરકાંડ પાઠ

શ્રી મુલુંડ મહિલા મંડળ દ્વારા ચૈત્ર માસમાં કષ્ટભંજન હનુમાનજી મહારાજના સુંદરકાંડના પાઠ સંગીતના તાલે તા. ૨૮-૦૩-૨૦૨૬ના શનિવારના રાખવામાં આવેલ હતા.

વડીલ માતાઓ તેમજ સર્વે બહેનોએ આ સંગીતમય સુંદરકાંઠ પાઠનો લાભ લઈ તાલ થી તાલ મિલાવીને ખૂબજ આનંદ માણ્યો હતો.

વડીલ માતાઓ તરફથી ઉનાળાની ગરમીમાં શેરડીનો રસ પીવડાવીને સર્વેને ઠંડકની અનુભૂતિ કરાવેલ હતી, ત્યારબાદ સર્વે બહેનોએ પ્રસાદ લઈને કાર્યક્રમને પૂર્ણ કરેલ હતો.

**પ્રમુખ : સુરભિબેન ચોપડા - મંત્રી - રમીલાબેન વેલાણી**

## શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ (ઘાટકોપર) અયોજિત : હસગુલ્લા ૨૦૨૬

ઘાટકોપર વસતા જ્ઞાતિજનોને જાણ થાય કે ''હસગુલ્લા' કાર્યક્રમ, જે Paradise Resort ખાતે યોજાવાનો હતો, તે અણધાર્યા પરિસ્થિતિઓને કારણે રદ કરવામાં આવ્યો અને હવે એના બદલે હસગુલ્લાની વિગતો નીચે પ્રમાણે છે.

**HASGULLA 2026**
**Fun Unlimited, Smiles Guaranteed!!!**

ઘાટકોપર મહિલા મંડળ દ્વારા આ કાર્યક્રમ ખાસ કરીને બાળકો માટે રચાયેલ છે, જ્યાં તેઓ મોજ-મસ્તીથી ભરપૂર રમતો, ટીમ-બિલ્ડીંગ એક્ટિવિટીઝ અને આનંદમય પળોનો પૂરો લાભ લઈ શકશે.

આ દિવસ હશે હાસ્ય, રમતો અને મિત્રતાનો સુંદર મેળાવડો-જ્યાં બાળકો નવી મિત્રતા બનાવશે, આત્મવિશ્વાસ વધારશે અને યાદગાર ક્ષણો સર્જશે.

**ચાલો બાળકો, સૌ મળીને ધીંગા મસ્તી કરીએ !**
**તારીખ : ૬ જૂન, શનિવાર ૨૦૨૬ * સમય : સાંજે ૪.૦૦ થી ૮.૦૦**
**સ્થળ : પાટીદાર વાડી, ઘાટકોપર (વેસ્ટ).**
**એન્ટ્રી ફી : ૧૫૦/- રૂા.**

રજીસ્ટ્રેશન માટે સંપર્ક : હિના લીંબાણી ૮૭૭૯૦૪૬૪૪૦
ઉર્મિલા ધોળુ ૯૨૨૪૭૯૮૪૬૯

રજીસ્ટ્રેશન માટે છેલ્લી તારીખ : ૩૧ મે, ૨૦૨૬

ખાસ નોંધ : બીજી બધી વિગતો whatsapp દ્વારા જણાવવામાં આવશે.

## અધિક માસ ઉજવણી એક દિવસીય વન ભોજન પ્રવાસ

શ્રી ઘાટકોપર મહિલા મંડળ દ્વારા અધિક માસના પવિત્ર અવસર પર આપ સૌ માટે એક આનંદમય ''વન ભોજન'' સાથે એક દિવસીય ટ્રિપનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગ માત્ર ભોજન અને મજા માટે જ નહીં, પરંતુ સાથે મળીને સમય પસાર કરવાનો, હાસ્ય-વિનોદ કરવાનો અને આધ્યાત્મિક આનંદ અનુભવવાનો એક સુંદર મોકો છે. આપ સૌ બહેનોને હાર્દિક આમંત્રણ છે આપ આ ખાસ દિવસે જોડાઈને આ યાદગાર ક્ષણોને વધુ સુંદર બનાવશો.

**તારીખ : ૧૨ જૂન ૨૦૨૬, શુક્રવાર**
**સ્થળ : રીવર વિલેજ રિસોર્ટ, બદલાપુર**
**સમય : સવારે ૬.૩૦ વાગે**
**એન્ટ્રી ફી : રૂા. ૧૦૦૦/-**

(આમા આવા જવાનો ખર્ચ, સવારનો નાસ્તો, બપોરનું ભોજન, સાંજની ચાય અને નાસ્તો સામેલ છે)

ચાલો સાથે મળીને આ અધિક માસને ખુશી અને લાગણી થી ઉજવીએ.

રજીસ્ટ્રેશન માટે સંપર્ક : રશ્મી વેલાણી ૭૦૪૫૭૭૦૨૦૬
જ્યોતિ પારસીયા ૯૯૬૭૪૬૮૧૧૬

રજીસ્ટ્રેશન માટે છેલ્લી તારીખ : ૩૧ મે, ૨૦૨૬

ખાસ નોંધ : બીજી બધી વિગતો વોટ્સઅપ દ્વારા જણાવવામાં આવશે.

## ભજન
## (રાગ : અરજી અમારી સુણો સદાશીવ)

હંરે માત અરજી અમારી સાંભળો ઉમિયાજી
આવો અમારે આંગણે
હંરે સાથે સહિયારોને તેડી લાવો ઉમિયાજી – આવો
હંરે હુંતો આગણે સાથીયા પુરાવું
હંરે હુંતો બારણે તોરણ બંધાવું
હંરે સાથે સખીઓને તેડી લાવો ઉમિયાજી
આવો અમારે આંગણે
હંરે તમે સીદ્ધેશ્વર ગામના વાશી
હંરે તમે ઉઝા ગામના રહેવાશી
હંરે તમે સુરત આવી વસીયા ઉમિયાજી
આવો અમારે આંગણે
હંરે તમે વાઢાંય ગામમા વસીઆ
હંરે એતો સંતોની ભૂમી કહેવાઈ
હંરે ત્યાંતો સંતોનો વાસ નીત્ય ઉમિયાજી
આવો અમારે આંગણે
હંરે તમે સુણો ઉમિયામાની વાણી
હંરે તમે કહેવાયા ઉઝા ગામના રાણી
હંરે ભક્તો આવે છે દોડી દોડી ઉમિયાજી
આવો અમારે આંગણે
હંરે અમે જાત જાતના ભોજન ધરાવશું
હંરે સાથે મુખવાસમાં બેડા પાન રાખશું
હંરે તમે સૈયરો સાથે લેજો પ્રસાદમાં
આવો અમારે આંગણે
હંરે તમે ભક્તોના રખવાળા
હંરે તમે ગોરેગાંવમાં વસીયા
હંરે ઉમિયા મંડળ આવે દોડી ઉમિયાજી આવો

**ઉમિયા મહિલા ભજન મંડળ દ્વારા**

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ ઘાટકોપર

**શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ ઘાટકોપરની આગામી AGM**

એજન્ડા : ૧) ગત વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સનું વાંચન અને બહાલી.
૨) ઘાટકોપર યુવા મંડળના હિસાબ કિતાબની રજૂઆત અને બહાલી.
૩) પ્રમુખ સ્થાનને રજૂઆત.

**તારીખ : ૨૭-૦૬-૨૦૨૬**
**સમય : સાંજે ૫.૦૦ કલાકે**
**સ્થળ : પાટીદાર વાડી, ઘાટકોપર**

**પ્રમુખ : મયુર તુલસીદાસ સેંઘાણી**
**મહામંત્રી : હેનાલી પુનિત પારસીયા**

## પાટીદાર પ્રગતિ મુખપત્રમાં જાહેરાત આપવા બાબત

ભારત સરકારશ્રીના બદલાયેલ નિયમો મુજબ મુખપત્રકના પોસ્ટના ખર્ચમાં ધરખમ વધારો થયેલ છે. તો તે ખર્ચને પહોંચી વળવા મુખપત્રમાં જાહેરાત છાપવાનું નક્કી કરેલ છે. જેમાં ધંધાકીય તેમજ સ્વજનોના જન્મદિવસ, શ્રદ્ધાંજલી અને ખુશીના પ્રસંગોની જાહેરાત આપી શકાશે. જાહેરાત મુખપત્રકના અંદરના પાના પર છાપવામાં આવશે. જેના દર નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.

| જાહેરાત | માસિક | ત્રિમાસિક | છ માસિક | વાર્ષિક |
|---|---|---|---|---|
| ૧/૪ પાનું | ૬,૦૦૦/- | ૧૭,૧૦૦/- | ૩૨,૪૦૦/- | ૪૮,૦૦૦/- |
| ૧/૨ પાનું | ૯,૦૦૦/- | ૨૫,૬૫૦/- | ૪૮,૬૦૦/- | ૯૬,૦૦૦/- |
| ફૂલ પાનું | ૧૭,૦૦૦/- | ૪૮,૪૫૦/- | ૯૧,૮૦૦/- | ૧,૮૦,૦૦૦/- |

Size: 1) 1/4 Page - 17 cm x 12 cm
2) 1/2 Page - 17 cm x 24 cm
3) Full Page - 34 cm x 24 cm

૧) જાહેરાતની પીડીએફ ફાઈલ મહિનાના અંતિમ દિવસ સુધી ૧૦૦% એડવાન્સ પેમેન્ટ આપીને ઘાટકોપર વાડીમાં પહોંચાડવાની રહેશે.
૨) જાહેરાત છાપવાનો અંતિમ નિર્ણય પ્રકાશન સમિતિનો રહેશે.
૩) ઉપરોક્ત દરમાં વ્યવસાયીક જાહેરાત અર્થે ૧૫% અને શ્રદ્ધાંજલી, જન્મ દિવસ, ખુશીના પ્રસંગો અર્થે ૨૦% ડીસકાઉન્ટ આપવામાં આવશે.
૪) વધુ માહિતી માટે નીચેના સંપર્ક સૂત્રનો સંપર્ક કરશો.


**શ્રી કાંતીભાઈ સેંઘાણી ૯૮૩૩૭૬૮૧૧૧**
**શ્રી પ્રકાશભાઈ માવાણી ૭૬૬૬૯૪૬૬૬૯**

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) દ્વારા પ્રેરિત
## શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ મુંબઈ દ્વારા આયોજિત
## સહયોગી – શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ–ઘાટકોપર
## શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ – મુલુંડ

OJAS SMART MOVE, SMART LIFE

### લૂ લાગવી (હીટ સ્ટ્રોક)
### (દવા વગર કુદરતી ઉપચાર)

- ગ્લોબલ વોર્મિંગ ના લીધે વાતાવરણમા ગરમીનુ પ્રમાણ વધી રહ્યું છે તેથી તીવ્ર ગરમી આપણા શરીરને ઘણું નુકસાન પહોંચાડી શકે છે અને જો આપણે પોતાની જાતની યોગ્ય કાળજી ન લઈએ તો આપણને ગરમી સંબંધિત ઘણી બિમારીઓ થઈ શકે છે.
- લૂ લાગવાના મુખ્ય કારણો - તડકામાં લાંબા સમય સુધી રહેવું , શરીરમાં પાણીની ઉણપ, વધારે ગરમી અને ભેજ,ખાલી પેટે બહાર જવું ભારે કપડાં પહેરવા,સામાન્ય રીતે શરીર પસીના દ્વારા ઠંડુ રહે છે પણ લૂ માં પસીનો બંધ થઈ જાય છે તેથી શરીરનુ તાપમાન ઝડપથી વધી જાય છે અને તેની મગજ પર અસર થાય છે.
- લક્ષણો - તાવ જેવી ગરમી (40°C સુધી) , ચક્કર આવવું ,માથું દુખવું ,ઉલટી,શરીર સુકાઈ જવું ,થાક અને બેભાન થવાની શક્યતા.
- આ અંક માં આપણે દવા વગર આ બીજ પધ્દતિ દ્વારા પોઈંટ જોઈશું




હાથ ના અંગૂઠામાં પોઈન્ટસને શોધો ત્યારબાદ આ પોઈન્ટસને પ્રોબ દ્વારા મસાજ કરી પોઈન્ટસને સક્રિય કરી , બ્લુ કલર કરો.(ચિત્રમાં બતાવ્યા પ્રમાણે)




આની સાથે વન પોઇન્ટ થેરપી ના પોઈંટ લગાડવાથી જલ્દી ફાયદો થાય છે. તેથી ચિત્ર માં બતાડેલા પોઈંટ ને એક્ટિવ કરી બંને હાથ ની આંગળી માં મેથી ના દાણા લગાડો.( Gv 26,K 1)

<u>**વિશેષ**</u> : આની માટે વોટર રીચાર્જ જે સૂક્ષ્મ પધ્ધતિ છે અને બહુ અસરકારક છે
હે ગણેશ ગુરુ,
- મારા મુલાધર ની ગરમી શાંત થાવ. હિમાલય ની શીતળ પ્રાણ ની શીતળ વર્ષા મારા મુલાધાર માં સ્થિર થાવ.
- મારા શરીરના હર એક કોષો પ્રાણમય બનો (3)
હરિઓમતત્સત્

**નોંધ** - સુજોક પધ્દતિ વિષે વિગતવાર સમજ આપતી એક બુક ઉપલબ્ધ છે, જેમાં મૂળભૂત તેમજ પ્રેક્ટિકલ પોઈન્ટ્સ આપવામાં આવ્યા છે. આ બુકના અભ્યાસથી અનેક લોકોએ આરોગ્યલાભ અનુભવ્યો છે.આજે જ મેળવો અને સ્વસ્થ જીવન તરફ પગલું ભરો.

**સંપર્ક** : રીટા રુડાણી -8779417199 શ્રુતિ સેંઘાણી – 9137868465
Email id – ojjastherapy11@gmail.com

**ઉત્તમ પુસ્તકો માનવીના જીવનનું શ્રેષ્ઠ ઘડતર કરે છે.**

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ
## શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર
## યુવા સંઘ મુંબઈ રિજીયન
## ''હેલ્થ ઈન્વેસ્ટમેન્ટ જર્ની''

મનુષ્ય જીવનના ત્રણ મુખ્ય આયામ મન, ધન અને તન. યુવા મંડળ દ્વારા અગાઉ સફળતાપૂર્વક સેલ્ફ ઈન્વેસ્ટમેન્ટ જર્ની અને વેલ્થ ઈન્વેસ્ટમેન્ટ જર્ની જેવા કાર્યક્રમો દ્વારા મન અને ધન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. જીવનના ત્રીજા આયામ એટલેકે તન માટે શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ/(MUR) મુંબઈ રીજીયન ટીમના નેજા હેઠળ તા. ૧૧-૦૪-૨૦૨૬ શનિવારના રોજ પાટીદાર વાડી ઘાટકોપર મધ્યે ''હેલ્થ ઈન્વેસ્ટમેન્ટ જીર્ન'' નામના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સેમિનારની શરૂઆત મું.યુ.મં.ના મહામંત્રી શ્રી ભાવેશભાઈ પોકારે પધારેલ સર્વે સમાજના આગેવાનો, યુવાનો અને બહેનોનું શાબ્દિક સ્વાગત કરેલ હતું અને જ્ઞાતિજનોનો આભાર વ્યક્ત કર્યો કે જેમણે ૧૫૦ થી વધુ રજીસ્ટ્રેશન કરીને કાર્યકર્તાઓનો ઉત્સાહ વધાર્યો છે.

ત્યારબાદ યુવા મંડળની પ્રણાલી મુંજબ શુભકાર્યની શરૂઆત મા ઉમિયા અને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના સાનિધ્યમાં દીપ પ્રાગટ્યથી કરવામાં આવે છે. તે મુજબ મુંબઈ યુવા મંડળના પ્રમુખ શ્રી વિનયભાઈ છાભૈયા, આઈપીપી અશોકભાઈ સેંઘાણી, મુંબઈ ટ્રસ્ટ ફંડ મે.ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઈ માવાણી, મુંબઈ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી વર્ષાબેન દિવાણી, મુંબઈ ઝોનના ઉપપ્રમુખ શ્રી જેન્તીભાઈ રામજીયાણી, ઘાટકોપર યુવા મંડળના પ્રમુખ શ્રી મયુરભાઈ સેંઘાણી, ઘાટકોપર સમાજના નવ વરાયેલ પ્રમુખ શ્રી રમણીકભાઈ સેંઘાણી અને ઘાટકોપર મહિલા મંડળના ઉપપ્રમુખ શ્રીમતી મમતાબેન પોકારની સાથે પ્રોગ્રામના મુખ્ય વક્તા શ્રીમતિ પ્રિયાબેન પોકાર ઉપસ્થિત રહી અને દીપ પ્રાગટ્ય કરી તેમનું સ્થાન ગ્રહણ કરેલ હતું.

શરૂઆત ટ્રસ્ટ ફંડના મે.ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઈ માવાણી મુંબઈ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી વર્ષાબેન દિવાણી, મુંબઈ ઝોનના મહામંત્રી શ્રી મહેન્દ્રભાઈ સેંઘાણીના આશીર્વચનો દ્વારા કરી, મહામંત્રીશ્રી એ વક્તા શ્રીમતી પ્રિયાબેન પોકારને મંચ પર આમંત્રિત કરીને સેમિનારની શરૂઆત કરેલ હતી.

હેલ્થ એન્ડ ડિઝાસ્ટર થીમના હેડ કન્વીનર તુષાર રંગાણી અને તેમની ટીમના નેજા હેઠળ હેલ્થ ઈન્વેસ્ટમેન્ટ જર્ની સેમિનારનું આયોજન મોટીવેશનલ સ્પીકર પ્રિયા નીરવ પોકાર દ્વારા હેલ્થમાં ઈન્વેસ્ટમેન્ટ કરી પોતાની હેલ્થ કેવી રીતના સારી રાખવી, જેમ આપણે પૈસાનું રોકાણ કરીએ છીએ જેથી ભવિષ્યમાં આર્થિક સુરક્ષા મળે, તેમ હેલ્થ ઈન્વેસ્ટમેન્ટ એટલે આજે તમારા શરીર અને મન પાછળ સમય અને શક્તિ ખર્ચવી, જેથી વૃદ્ધાવસ્થામાં તમે બીમારીઓથી મુક્ત અને સક્રિય રહી શકો. આવા અનેક વિચારો રજૂ કરવામાં આવ્યા.

શ્રી અખિલ ભારતીય યુવા સંઘ દ્વારા વિતરણ કરવામાં આવતી રામ હૃદય કીટનું વિતરણ દરેકે દરેક સહયોગી મંડળના પ્રમુખ હોદેદાર શ્રીઓ દ્વારા નોંધવામાં આવેલ હતું. તેનુ વિતરણ સેન્ટ્રલ કાઉન્સિલ પ્રેસિડેન્ટ અશોકભાઈ સેંઘાણી અને રિજિયન ચેરમેન વિનયભાઈ છાભૈયા અને હેલ્થ એન્ડ ડિઝાસ્ટર કન્વીનર તુષાર રંગાણીના હસ્તે દરેકે દરેક સહયોગી મંડળોના હોદેદાર શ્રીઓને સ્ટેજ પર બોલાવી અને રામ હૃદય કીટનું વિતરણ કરેલ હતું.

અંતમાં યુવા મંડળ પ્રમુખ શ્રી વિનયભાઈ છાભૈયા એ ઉપસ્થિત સર્વે જ્ઞાતિજનો સમક્ષ યુવા મંડળના આગામી કાર્યક્રમોની જાણકારી આપેલ હતી તેમજ આજના કાર્યક્રમને સફળ બનાવવા બદલ સૌનો આભાર વ્યક્ત કર્યો.

અંતમાં મહામંત્રી શ્રી આભાર વિધિ અને રાષ્ટ્રગાન ગાઈ પ્રોગ્રામની પુર્ણાહુતી જાહેર કરેલ હતી. સુંદર મજાના સેમિનારને સફળ બનાવી પધારેલ મહેમાનો, યુવા વર્ગ, મહિલા શક્તિ અને સમસ્ત કારોબારી મંડળ સાથે બેસી અને ભોજનનો આનંદ માણી છૂટા પડ્યા.

**શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ**

**પ્રમુખ : વિનય જેઠાલાલ છાભૈયા - મહામંત્રી : ભાવેશ પ્રેમચંદ પોકાર**

ટ્રેઝર હન્ટ......... પાના નં. ૧થી ચાલું...

દરેકે સવારનો બ્રેકફાસ્ટ કરીને યુવા મંડળની પ્રણાલી મુંજબ શુભકાર્યની શરૂઆત મા ઉમિયા અને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના સાનિધ્યમાં દીપ પ્રાગટ્યથી કરવામાં આવે છે, તે મુજબ મુંબઈ યુવા મંડળના પ્રમુખ શ્રી વિનયભાઈ છાભૈયા, આઈ.પી.પી. અશોકભાઈ સેંઘાણી, મુંબઈ ટ્રસ્ટ ફંડ મે.ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઈ માવાણી, મુંબઈ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી વર્ષાબેન દિવાણી, મુંબઈ ઝોનના ઉપપ્રમુખ શ્રી જેન્તીભાઈ રામજીયાણી, ઘાટકોપર યુવા મંડળના પ્રમુખ શ્રી મયુરભાઈ સેંઘાણી, ઘાટકોપર સમાજના પ્રમુખ શ્રી રમણીકભાઈ સેંઘાણી અને ઘાટકોપર મહિલા મંડળના ઉપપ્રમુખ શ્રીમતી પ્રભાબેન ડાયાણીની સાથે દીપ પ્રાગટ્ય કરી તેમનું સ્થાન ગ્રહણ કરેલ હતું.

કાર્યક્રમની શરૂઆત ટ્રસ્ટ ફંડના મે.ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઈ માવાણી, મુંબઈ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી વર્ષાબેન દિવાણી, મુંબઈ ઝોનના ઉપપ્રમુખ શ્રી જેન્તીભાઈ રામજીયાણી આશીર્વચનો દ્વારા કરી હતી.

ત્યારબાદ ટ્રેઝર હન્ટ ઈવેન્ટના કન્વીનર શ્રી કાર્તિક સેંઘાણી તેમજ મહામંત્રી શ્રી ભાવેશભાઈ પોકાર દ્વારા દરેક ટીમને ગેમના નિયમો સમજાવ્યા અને દરેકને મંચ ઉપર આમંત્રિત કરેલ હતા. અને ત્યારબાદ દરેક ટીમ ગેમ રમવા માટે પ્રસ્થાન કરેલ હતું.

ટ્રેઝર હન્ટ ઈવેન્ટ માટે શ્રી પ્રકાશ પટેલ (ભૂમિ વર્લ્ડ), શ્રી મયુરભાઈ સેંઘાણી (ઋષિ ગ્રુપ), ચુનીલાલ ભાઈ જોશી (રિલેશન મોબાઈલ), શ્રી યજ્ઞેશભાઈ અને શ્રી સંકેતભાઈ (દિવાન ઓટો), શ્રી કલ્પેશભાઈ (ભવાની ગ્રુપ) શ્રી ચિરાગભાઈ (અમી ગ્રુપ), શ્રી સાત્વીકભાઈ અને શ્રી ચિરાગભાઈ (ઉમિયા વિહલ્સ), Snacks Sponsor મહાવીર ફરસાણનો આભાર માની ગિફ્ટ અને મોમેન્ટો આપી વિશેષ સન્માનિત કરેલ હતા.

ગેમમાં પ્રથમ ત્રણ આવેલ (1) The Road Rockers, (2) Dhurandhar - 1, (3) Team Swimming ના દરેક પાર્ટીસિપેન્ટ વિજેતા ટીમને મોમેન્ટો, ગીફ્ટ આપીને સન્માનિત કરેલ. સાથેજ દરેક ટીમને આશ્વાસન ઈનામ આપીને સન્માનિત કરેલ હતા.

સંપૂર્ણ ગેમ ને ૧૨ જણની ટેક ટીમ દ્વારા સંચાલિત કરવામાં આવેલ હતી. જેમને અંતમાં મંચ ઉપર બોલાવીને સન્માનિત કરેલ હતા. સંપૂર્ણ ગેમની સંરચના કન્વીનર શ્રી કાર્તિક સેંઘાણી, શ્રી ભાવેશભાઈ પોકાર, શ્રી રોહિતભાઈ ધોળુ, શ્રી મિતેશભાઈ સેંઘાણી, શ્રી રીતેશભાઈ સેંઘાણી દ્વારા કરેલ હતી.

મુંબઈ રિજીયન એડવેન્ચર સમિતિ વતી શ્રી વિશાલભાઈ પોકારના આગામી પ્રોગ્રામ મનાલી એડવેન્ચર ટ્રીપ (૨૫ મે થી ૧ જુન દરમિયાન) કે જેઓ રજીસ્ટ્રેશન ડેટના જ દિવસે ૧૩૦ બાળકોનું રજીસ્ટ્રેશન થયેલ હતું તે દરેક બાળકોને સ્ટેજ પર આમંત્રીત કરીને પ્રમુખશ્રી, આઈપીપી અને મીશન ચેરમેનના હસ્તે ગિફ્ટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ યુવા મંડળ પ્રમુખ શ્રી વિનયભાઈ છાભૈયાએ ઉપસ્થિત સર્વે જ્ઞાતિજનો સમક્ષ યુવા મંડળના આગામી કાર્યક્રમોની જાણકારી આપેલ હતી. ખાસ YSK જેમના પણ રીપેમેન્ટ બાકી હોય એના માટે બંને હાથ જોડી વિનંતી કરી વહેલી તકે પૂર્ણ કરી મુંબઈ રીજીયનનું નામ ભારત ભરમાં નોંધાય એવી આશા વ્યક્ત કરી હતી તેમજ આજના કાર્યક્રમને સફળ બનાવવા બદલ સૌનો આભાર વ્યક્ત કર્યો.

ઈનામ વિતરણ કાર્યક્રમ પછી ૬.૩૦ પછી આજના Gen-Z માટે Black Dress (DJ) પાર્ટીનું આયોજન કર્યું હતું જેમાં સંપૂર્ણ મુંબઈ થી આવેલ Gen-Z એ મન મૂકીને ડાન્સનો આનંદ માણ્યો હતો.

અંતમાં મહામંત્રી શ્રી આભાર કરી પ્રોગ્રામની પુર્ણાહુતી જાહેર કરેલ હતી. સુંદર મજાના નવીનતમ પ્રયોગને સફળ બનાવી પધારેલ મહેમાનો, યુવા વર્ગ, મહિલા શક્તિ અને સમસ્ત કારોબારી મંડળ સાથે બેસી અને ભોજનનો આનંદ માણી છૂટા પડયા.

**શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ**

**પ્રમુખ : વિનય જેઠાલાલ છાભૈયા - મહામંત્રી : ભાવેશ પ્રેમચંદ પોકાર**

**વાણી વર્તન અને વ્યવહાર એ સંસ્કારનો ઓળખપત્ર છે.**